# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 21-03-2025 Day: FRIDAY MORNING: 6.50 TO 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર કલ્પના શાહ વાંચે છે.

---

## ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્ર સાથે સંકળાયેલ **1100** જેટલી યોજનાઓને મંજૂરી:

સરકારે પાંચ લાખથી વધુ ખેડૂતોને લાભ આપવા માટે ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્ર સાથે સંબંધિત તેની વિવિધ યોજનાઓ હેઠળ 1100થી વધુ માળખાગત યોજનાઓને મંજૂરી આપી છે. આ યોજનાઓમાં પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના, ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ માટે ઉત્પાદન સાથે જોડાયેલી પ્રોત્સાહન યોજના અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત પીએમ ફોર્મલાઇઝેશન ઓફ માઇક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઇઝિસ યોજનાનો સમાવેશ થાય છે.

---

## વર્ક આસિસ્ટન્ટની જગ્યાઓ ભરવા પ્રક્રિયા હાથ ધરાશે -:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે આ વર્ષે જ વધુ 600 વર્ક આસિસ્ટન્ટની જગ્યાઓ ભરવા માટે જાહેરાત સહિતની પ્રક્રિયા તબક્કા વાર કરાશે. ગાંધીનગર ખાતે જળસંપત્તિ વિભાગમાં વર્ક આસિસ્ટન્ટના પદે પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરતાં શ્રી પટેલે જણાવ્યું કે રાજ્ય સરકારે વિવિધ વિભાગોમાં રહેલી ખાલી જગ્યાઓ પર સમયબદ્ધ અને ઝડપી ભરતી માટે ભરતી કેલેન્ડર બનાવ્યું છે.
શ્રી પટેલે 450થી વધુ ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. તેમણે જણાવ્યું કે, સરકારી સેવામાં જોડાઈને લોક સેવાની જે તક મળી છે તેને પદ, પ્રતિષ્ઠા, હોદ્દો કે આર્થિક આધાર તરીકે મુલવવાને બદલે પોતાને સોંપાયેલી કામગીરી પર ફોકસ કરીને ઉજાળીએ.

-----------------------------------------------------------------------------------

## રાજ્યમાં **34** નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો:

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં 34 નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને વહીવટી મંજૂરી આપી છે. શ્રી પટેલે જણાવ્યું કે રાજ્યની ગ્રામ્ય આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ અને લોકઉપયોગી બનાવવા આ કેન્દ્રો મહત્વના બની રહેશે. કેન્દ્ર સરકારના માપદંડો પ્રમાણે હાલ રાજ્યમાં કુલ એક હજાર 499 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજુર અને કાર્યરત છે.

-----------------------------------------------------------------------------------

# ઘઉંની ટેકાના ભાવે ખરીદીની નોંધણીની સમય મર્યાદા લંબાવાઈ:

ખેડૂતોના વ્યાપક હિતમાં ઘઉંની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીની સમયમર્યાદા લંબાવાઈ છે. ખેડૂતો ટેકાના ભાવે ઘઉંના વેચાણ માટે આગામી ૫ એપ્રિલ સુધી નોંધણી કરાવી શકશે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ઘઉંની ટેકાના ભાવે ખરીદીનો ગત ૧૭ માર્ચથી પ્રારંભ થયો હતો. કેન્દ્ર સરકારે ઘઉં માટે 2 હજાર 425 પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે.

---------------------------------------------------------------------------------------------

# પાટણની રાણીની વાવમાં આજે 'વસંત સંપ્રાત' ઘટના:

પાટણની વિશ્વ વિખ્યાત રાણીની વાવમાં આજે એક અદભુત દૃશ્ય જોવા મળશે. આજે બપોરે 12 વાગીને 39 મીનીટે સૂર્યના કિરણો 300 સ્તંભોની વચ્ચેથી પસાર થઈને સીધા ભગવાન શેષશાયી વિષ્ણુની મૂર્તિ પર પડતા જોવા મળશે. આ ઘટના 'વસંત સંપ્રાત' તરીકે ઓળખાય છે, જે દિવસથી સૂર્ય ઉત્તર તરફ ખસે છે,અને આ કારણે ઉત્તર ગોળાર્ધમાં દિવસ લાંબો અને રાત્રિ ટૂંકી થતી જાય છે.

---------------------------------------------------------------------------------------------

# રમતગમત મંત્રી હર્ષ સંઘવી:

રમતગમત મંત્રી હર્ષ સંઘવી એ જણાવ્યું કે ગુજરાત સૌથી વધુ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય રમતો આયોજીત કરનાર રાજ્ય છે. વિધાનસભામાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમિયાન હર્ષ સંઘવીએ જણાવ્યું કે બે વર્ષમાં ગુજરાતે રાષ્ટ્રીય કક્ષાએ 808 અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ 104 મેડલ હાંસલ કર્યા છે. તેમણે જણાવ્યું કે રાજ્યમાં 'સ્પોર્ટ્સ એ જ પ્રોફેશન'નો કોન્સેપ્ટ વિકસી રહ્યો છે. સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અંગે તેમણે કહ્યુ કે, હાલમાં 23 જિલ્લા રમત સંકુલ તથા 5 તાલુકા રમત સંકુલ કાર્યરત છે તેમજ 370 કરોડ રૂપિયાના ખર્ચે 13 જિલ્લા રમત સંકુલ તથા 19 તાલુકા રમત સંકુલના નિર્માણનું કાર્ય પ્રગતિમાં છે.

---------------------------------------------------------------------------------------------

# વન બહારના વિસ્તારોમાં વન આવરણ વધારા સાથે ગુજરાત પ્રથમ :

પ્રકૃતિના વિકાસ અને સંવર્ધન માટેની વન અને પર્યાવરણ વિભાગની માંગણીઓ ગઈકાલે વિધાનસભા ગૃહમાં પસાર કરાઇ.વન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું કે વન બહારના વિસ્તારોમાં એક હજાર 143 ચોરસ કિલોમીટરના વન આવરણ વધારા સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે.

---------------------------------------------------------------------------------------------

# વિશ્વ વન દિવસની ઉજવણી આજે ઉજવણી

દર વર્ષેની જેમ આજે વિશ્વ વન દિવસ ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વનો દ્વારા મળતા અગણિત લાભો,પેદાશો અને ઉપકારોને યાદ કરી તેનું ઋણ ચૂકવવા માટે જાગૃતિ લાવવાનો છે. વનોને કઇ રીતે જાળવવા જોઇએ તથા તેને નુકશાન પહોંચાડ્યા વિના તેનું આયોજન અને વ્યવસ્થાપન કઇ રીતે કરવું જોઇએ તે અંગેની જાગૃતિ આ દિવસે ફેલાવવામાં આવે છે.

ભારતનાં સંદર્ભમાં જોઇએ તો વૈજ્ઞાનિકોના મતે ઓછામાં ઓછી ૩૩% જમીન વનવિસ્તાર ધરાવતી હોવી જોઇએ,જેની સામે આજે ફક્ત ૧૨% જમીન વનવિસ્તાર ધરાવે છે.આથી વનોને બચાવવા ઉપરાંત વનવિસ્તારને પણ વધારવા અનિવાર્ય બન્યા છે.

---------------------------------------------------------------------------------------

# જીલ્લામાં વરસાદી ઝાપટાં:

વહેલી સવાર અને મોડી રાતના ઠંડક અને બપોરે ગરમીની બેવડી ઋતુ વચ્ચે ગઈકાલે જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવતાં ધૂળની ડમરીઓ ઊડવા સાથે ભુજ, નખત્રાણા, પાવરપટ્ટી પંથકમાં કેટલાક ભાગોમાં કમોસમી ઝરમર થઈ હતી. તાપ વચ્ચે સામાન્ય જનજીવનને રાહત આપનારાં આ વરસાદી ઝાપટાંઓએ ખેડૂતોમાં કિસાનોમાં ચિંતા સાથે ઉચાટની લાગણી ફેલાવી હતી.

અત્યારે ઈસબગુલ, તુવેર, વાલ જેવા પાકો લણવાની તૈયારી કરી રહેલા ખેડૂતોમાં આ વરસાદી ઝાપટાં પાકને નુકસાન કરશે તેવી ચિંતા ફેલાઈ હતી.

---------------------------------------------------------------------------------------